## 1. રાષ્ટ્ર એટલે શું? રાષ્ટ્ર અને રાજ્ય વચ્ચેનો તફાવત સમજાવો.

- રાષ્ટ્ર એટલે એક જ જાતિમાંથી બનેલો સમૂહ. રાષ્ટ્ર માટે રાષ્ટ્રીયતાની માનસિક્તા કે આધ્યાત્મિક ભાવનામાં રાજકીય તત્ત્વ ઉમેરાય ત્યારે રાષ્ટ્ર બને છે. ભાષા, ધર્મ, જાતિ, ભૌગોલિક એક્તા અને ભાવાત્મક એક્તા રાષ્ટ્રના સર્જનમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. દરેક રાષ્ટ્ર રાજયનું સ્વરૂપ ધારણ કરવા માટે પ્રયત્ન કરે છે. વાસ્તવિક રીતે રાષ્ટ્ર અને રાજય વચ્ચે મૂળભૂત તફાવત છે જે નીચે મુજબ છે.

  (1) ઘટકતત્ત્વોઃ રાષ્ટ્રનિર્માણ માટે વિવિધ ભાષા, વિવિધ ધર્મો અને વિવિધ જાતિવાળા માનવ સમૂહો મુખ્ય ઘટક તત્ત્વો છે. રાજય માટે વસ્તી, વિસ્તાર, સરકાર અને સાર્વભૌમત્વ મુખ્ય ઘટક તત્ત્વો છે.

  (2) સ્વરૂપની દૃષ્ટિએ : રાષ્ટ્ર એ સાંસ્કૃતિકે ખ્યાલ છે. જેમાં રાજકીય તત્ત્વો હોય કે ન પણ હોય. જયારે રાજય સંપૂર્ણ રીતે રાજકીય સ્વરૂપ ધરાવે છે. તે આંતરિક અને બાહ્ય રીતે સાર્વભૌમત્વ ધરાવે છે. દા.ત. 15મી ઓગસ્ટ, 1947 પહેલા ભારત રાષ્ટ્ર હતું.ણ 15 મી ઓગસ્ટ 1947ના રોજ સ્વતંત્રતા મળતાં રાજય તરીકે અસ્તિત્વમાં આવ્યું.

  (3) પીઠબળની દૃષ્ટિએ : રાજયને સાર્વભૌમત્વનું પીઠબળ હોવું જોઈએ જ્યારે રાષ્ટ્રના સાર્વભૌમત્વ પીઠબળ હોય કે ન પણ હોય તે અનિવાર્ય તત્ત્વ નથી.

  (4) વ્યાપની દૃષ્ટિએ : રાષ્ટ્રનું વ્યાપમોટો હોઈ શકે છે. રાષ્ટ્ર માટે ચોક્કસ ભૌગોલિક સરહદોની જરૂર નથી, જયારે રાજય માટે ચોક્કસ ભૌગોલિક વિસ્તાર આવશ્યક તત્ત્વ છે. રાજય કરતા રાષ્ટ્રનો વ્યાપ મોટો હોઈ શકે છે. 1948 પહેલાં યહૂદીઓ વિશ્વના મોટા ભાગના દેશોમાં ફેલાયેલા હતા અને તેઓ યહૂદી રાષ્ટ્રની એક્તા અનુભવતા હતા.

  (5) વાલની દૃષ્ટિએ : રાષ્ટ્રને ભાવાત્મક એક્તા સાથે સંબંધ છે. જયારે રાજય કાનુની ખ્યાલ સાથે સંબંધ ધરાવે છે. કાનૂન વ્યક્તિત્વ ધરાવતું હોય છે. રાષ્ટ્ર અને રાજયના ખ્યાલો વચ્ચે ખૂબ જ મોટું અંતર છે. આમ છતાં કેટલીક વાર એકબીજાના અવેજીમાં આ શબ્દો વપરાય છે. દા.ત. ભારતી સંઘમાં જે ઘટક એકમો છે તેને આપણે રાજયનાં નામે ઓળખે છે. જેમ કે ગુજરાત રાજ્ય પણ રાજયશારાની પરિભાષામાં તે રાજ્ય નથી.

## 2. રાષ્ટ્રવાદ એટલે શું? તેનાં લક્ષણો જણાવો.

- રાષ્ટ્રવાદ એ રાષ્ટ્રમાં ઊભી થતી મારાપણાની ભાવના છે રાષ્ટ્ર પ્રત્યેની વ્યમૂંભાવના છે. તે પોતાના રાષ્ટ્રને શ્રેષ્ઠ ગણે છે અને જે પરાધીન હોય તો તેની સ્વતંત્રતા બનાવવા માટેની એક રાજકીય મહેચ્છા છે. રાષ્ટ્રવાદ રાજયોની શાંતિ, સલામતી અને અખંડિતતા માટે મરીમીટવાની ભાવના પેદા કરતું એક મહત્ત્વનું તત્ત્વ છે. રાષ્ટ્રવાદના લક્ષણો :

  (1) સમાન આદતો અને સંચારની સુવિધા : સમાન આદતો અને સંચારમાં ભાગીદાર બનતો મોટો માનવ સમૂહ એ રાષ્ટ્રવાદને, પ્રથમ લક્ષણ છે. સંસારમાં ભાષા, લિપિ અને ચિત્ર જેવા પ્રતીકોની સમાજમાં એકરૂપ લાવે છે.

  (2) માનસિક સ્થિતિ છેઃ રાષ્ટ્રવાદ એ મનની એક ભાવના છે. તે માનસિક અવસ્થા છે. જેમાં લોકોની અંતિમ જવાબદારી પોતાના રાષ્ટ્ર પ્રત્યે હોય છે.

  (3) આધુનિક ઘટના છે : પ્રાચીન સમયમાં પણ પ્રજાને પોતાના દેશ પ્રત્યે ભક્તિ પ્રેમ હતો. મહારાણા પ્રતાપ અને ભામાશાની વાત આપણે જાણીએ છીએ. રાષ્ટ્રવાદ આમ જનતાની જાગૃતિ અને એક્તાને વ્યક્ત કરે છે. 18મી

સદીમાં અમેરિકન સ્વાતંત્ર્યસંગ્રામાં પ્રતિનિધિત્વ નહીં તો કર નહીં, એવી કજાગૃતિમાં અને ફ્રેન્ચ ક્રાંતિમાં સ્વતંત્રતા, સમાનતા અને બંધુત્વની ભાવનામાં રાષ્ટ્રવાદ સ્પષ્ટ રૂપે વ્યક્ત થાય છે.

(4) રાષ્ટ્રવાદ માટે રાજયનું હોવું જરૂરી નથી : રાષ્ટ્રવાદની ભાવના રાજયના અસ્તિત્વ વગર ઉદ્ભવી શકે છે. જેમ કે અંગ્રેજોની ગુલામીના સમયે ઈન્ડિયન નેશનલ કોંગ્રેસની સ્થાપના થઈ અને જેને પરિણામે રાષ્ટ્રવાદનો ક્રમશઃ વિકાસ થયો. ઈઝરાયેલ દેશની સ્થાપના પર રાષ્ટ્રવાદને આભારી છે.

(5) એક રાજયમાં રાષ્ટ્રો અનેક હોઈ શકે, પરંતુ રાષ્ટ્રવાદ એક જ હોય છે : અમેરિકન પ્રમુખ વુડોવિલ્સન એક રાષ્ટ્ર, એક રાજયનો સમર્થક હતા. પરંતુ, વર્તમાન સમયમાં એક રાષ્ટ્ર એક રાજયના સિદ્ધાંતનો વ્યાપક પાયા ઉપર અમલ થઈ શકે તેમ નથી. વર્તમાન સમયમાં બહુ તત્ત્વવાદીઓએ બહુરાષ્ટ્ર એક રાજયના સિદ્ધાંતનો અમલ કર્યો છે. અમેરિકા, ચીન અને રશિયા જેવા ઘણા રાજ્યોમાં જોવા મળે છે. આવા રાજયોમાં વિવિધતામાં એક્તાથી તંદુરસ્ત રાષ્ટ્રવાદનો વિકાસ થયો જોવા મળે છે.

(6) રાષ્ટ્રવાદ ઉદારમતવાદી અથવા ઉગ્રવાદી હોઈ શકે છે : રાષ્ટ્રના લોકો પોતાના રાષ્ટ્ર માટે ગૌરવની લાગણી ધરાવતા હોય તે સાથે અન્ય ઘટના અસ્તિત્વને પણ સ્વીકારતા હોય છે. ત્યારે તે ઉદારમતવાદી અને સર્જન કરે છે. તો સામા પક્ષે પોતાનો જ અને મહાન ગણાતા મહોય. પરંતુ, બાકીના અન્ય રાજયોને પોતાની નિમ્ન કક્ષાના માનતા હોય તેવા રાજયોમાં ઉગ્રવાદી રાષ્ટ્રવાદનો ફેલાવો થાય છે. મુસયોલીનના નેતૃત્વ મોકળ ઈટાલીમાં ફોસીવાદ અને ચીટલરના નેતૃત્વ કૌઠળ જર્મનીમાં વિકસેલો નાઝીવાદી ઉગ્રવાદી રાષ્ટ્રવાદ હતો અને જેના પરિણામે બીજું વિશ્વયુદ્ધ શરૂ થયું.

(7) આપત્તિઓનો સામનો કરવાની શક્તિ આપે છે : સમાજ અને રાજ્ય પર ક્યારેક કુદરતી તો ક્યારેક માનવ સર્જિત આપત્તિનો આવે છે. ધરતીકંપ, પૂર, વાવાઝોડું કે વિદેશી આક્રમણ આવી સમસ્યાઓને સફળતાપૂર્વક સામનો કરવાનો નૈતિક બળ રાષ્ટ્રવાદ પૂરું પાડે છે.

(8) રાષ્ટ્રને આર્થિક રીતે મજબૂત બનાવે છે : સંસ્થાનવાદ અને સામ્રાજયવાદનો ભોગ બનેલા દેશના લોકો પર થયેલા અત્યાચારો ને લોકોમાં વાર્ષિક જગૃતિ લાવી તેથી ગુલામ દેશોમાં આર્થિક રાષ્ટ્રવાદ મજબુત બન્યો. દાદાભાઈ નવરોજીએ પોતાના અભ્યાસોને આધારે કહ્યું કે હીંદની ગરીબાઈનું કારણ અંગ્રેજોની શોષણનીતિમાં રહેલું છે. ગાંધીજીએ પણ વિદેશી માલનો બહિષ્કાર, સ્વદેશીનો સમય ગામડાને આત્મનિર્ભર બનાવવાના વિચારો એ ભારતમાં રાષ્ટ્રવાદને પોષ્યા હતા.

3. બિનસાંપ્રદાયિક્તાનો અર્થ આપી તેની આવશ્યકતા સમજાવો.

- પ્રાચીન સમયમાં રાજપની વ્યવસ્થા પર્મસત્તાને સહારે હતી, પરંતુ આધુનિક સમયમાં પર્મસત્તા અને રાજકીય સત્તાના સંઘર્ષમાંથી વિજય બનેલી રાજકીય સત્તા અને રાજય બિનસાંપ્રદાયિક બન્યા છે. રાજયના વિકાસ સાથે બિનસાંપ્રદાયિક્તાનો દર સ્વીકૃત બનતો જાય છે. આજે વિશ્વના લોકશાહી અને સામ્યવાદી મોટાભાગના રાજયોમાં બિનસાંપ્રદાયિક્તાનો આદર્શ સ્વીકારે છે, બિનસાંપ્રદાયિક્તા નીચેની બાબતો સાથે સંકળાયેલ છે.

  (1) ધર્મની બાબતમાં રાજયનું સ્થાન અને ભુમિકા તટસ્ય હોય છે રાજય કોઈ ધર્મને પ્રાથમિક્તા આપતું નથી.

  (2) પર્મની બાબતમાં તમામ નાગરિકોને રાજય તરફથી સ્વાતંત્ર્યની બાંહેધરી મળે છે. એટલે કે વ્યક્તિ પોતાની મનપસંદના ધર્મ પાડી શકે છે. તેના માટે સંગઠન રચવાની અને તેનો પ્રચાર  પ્રસાર કરવાની સ્વતંત્રતા ધરાવે છે.

  (3) પર્મના આધાર ઉપર વ્યક્તિઓ વચ્ચે ભેદ પાડી શકાય નહી. તેનો અર્થ કાયદા સમક્ષ સમાનતા અને જાહેર

હોદાઓની ધર્મ સાથે સંબંધ ન હોય. ભારત એક બિનસાંપ્રદાયિક રાજ્ય તરીકેનો સ્વીકાર કર્યો છે. આમ તો ભારતીય સંસ્કૃતિમાં એકતા અને સમરસતાથી અનાદિ કાળથી છે.સર્વધર્મ સમભાવનાના આદર્શને મૂર્તિમંત કરતો હોય છે 1976માં 42મો બંધારણીય સુધારા કરીને ભારતની બંધારણના આમુખ માં પાછળથી બિનસાંપ્રદાયિક્તા શબ્દનો પ્રયોગ કર્યો છે.

- ભારત બિનસાંપ્રદાયિકતાનો આદર્શ સ્વીકાર્યો છે.ધર્મનો વિરોધી કે ધર્મ વિહિન સમાજમાં હિમાયતી નથી. બંધારણમાં એવું ક્યાંય લખ્યું નથી ધર્મને આપણાં જીવનમાંથી ધર્મને દૂર કરાય. ભારતના બંધારણની બિનસાંપ્રદાધિકતાના પ્રમાણે ''સર્વધર્મ સમભાવ''ની અર્થમાં જોયો છે. વર્તમાન સમયમાં લોકશાહીમ બિનસાંપ્રદાયિક્તા અગત્યની બની રહી છે.
- લોકશાહીમાં વ્યક્તિ વિકાસની જે તક હોય છે તે બિનસાંપ્રદાયિક્તાના આદર્શથી સરળ બને છે. વ્યક્તિના વ્યક્તિત્વને માત્ર ભૌતિક કે શારીરિક જ નહી પરંતુ ભૌતિક અને ધાર્મિક વિકાસ માટે સહાયરૂપ બને છે. બિનસાંપ્રદાયિકતાએ રાજયની નીતિ નહી વલણ છે. તે લોકોની જીવન જીવવાની રીત છે. આવા રાજયોમાં સહિષ્ણુતાને અવકાશ નથી, પ્રત્યેક વ્યક્તિને તેના આંતરિક જીવનનો વિકાસ તેણી રીતે કરવાની છૂટ હોય છે. બિનસાંપ્રદાયિક જીવનરીતિ સમાજ પર્મને આંતરિક અને ગૌણ બાબત ગણે છે.
- જાહેર બાબતોને પ્રાથમિક મહત્ત્વ આપે છે. રાજય સામે જયારે પણ આફત આવે ત્યારે ધર્મથી ઉપર જઈને એ રાજય માટે મદદરૂપ બનતા હોય છે.  બિનસાંપ્રદાયિક્તા ને ખાધુનિક રાજયનું વિધ્યાત્મક વલણે બન્યું છે. જેના થકી રાજય વ્યક્તિના વિકાસના એકમ તરીકે સંરક્ષક અને પ્રોત્સાહન પૂરું પાડે છે જેનાથી વ્યક્તિ અને સમાજને ઉત્કૃષ્ટ બને છે.

### 4. 'ભારત માં બિનસાંપ્રદાયિક્તાના ખ્યાલની પ્રસ્તુતતાની ચર્ચા કરો.'

- બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપનીના સમયમાં 1857ના વિપ્લવ સમયે ભારતમાં અનેક હિંદુ અને મુસ્લિમ એકત્તા સાથે સ્વતંત્ર માટે પ્રથમ પ્રયત્ન કર્યો. અંગે જો એ ભાગલા પાડો અને રાજ કરોની નીતિ અપનાવી. જેને પરિણામે ભારતમાં હિંદુ મુસ્લિમ બે કોમ વચ્ચે અંતર વધતું ગયું. પરિણામે પાકિસ્તાનની રચના થઈ જે પોતાને ''ઈસ્લામિક રિપબ્લિક સ્ટેટ'' તરીકે જાહેર કર્યો. જ્યારે, ભારત બિનસાંપ્રદાયિક્તાને સ્વીકાર્યો.
- ભારતમાં વિશ્વના તમામ ધર્મો સહઅસ્તિત્વ જોવા મળે છે. ભારતમાં માનવ સમૂહ, ધર્મ, જાતિ, રંગ કે લિગ વગેરેના ભેદભાવ વગર પોતાના વિકાસના માર્ગે ખગળ વધી રહ્યા છે, સર્વધર્મ સમભાવ જોવા મળે છે, 1947માં ભારત પરસ્પરના સહિષ્ણુતા અને બંધુત્વના આદર્શવાળા બંધારણ દ્વારા અસ્તિત્વમાં આવ્યું છે. મહાત્મા ગાંધીજી, નહેરુજી, સરદાર વલ્લભભાઈ પટેલ જેવા પ્રેરણાદાયી નેતૃત્વ ભારતમાં જોવા મળ્યા છે.  સમય પ્રવાહ સાથે જ રાજકીય, આર્થિક અને સામાજિક કારણોસર ભારતમાં ક્યારે કોઈ ખૂણે કોમી હુલ્લડો થાય છે.
- ભારતના બંધારણમાં સુધારો કરીને 1976માં બિનસાંપ્રદાયિક્તા"નો શબ્દ ઉમેરવામાં આવ્યો. આધુનિક ભારતની એક્તા, અખંડિતતા અને વિકાસને મહત્ત્વ આપવા બિનસાંપ્રદાયિક્તાનો માર્ગ સ્પષ્ટ કરવામાં આવ્યો, સ્વતંત્ર ભારતે સંસદીય લોકશાહીનો માર્ગ અપનાવ્યો છે. લોકશાહી માટે ધર્મ કે ધાર્મિક સમૂહ નહી પણ વ્યક્તિ એકમ છે. જે વ્યક્તિના વિકાસ દ્વારા જ રાષ્ટ્ર કે રાજયના વિકાસને મહત્ત્વ આપી છે . વ્યક્તિના વ્યક્તિત્વનો સર્વતોમુખી વિકાસ શક્ય બને તે માટે પાર્મિક સ્વતંત્રતાનો મતાભને હક અપાયો છે.

- આ ધાર્મિક સ્વતંત્રતા અને બિનસાંપ્રદાયિક્તા આદર્શવાળુ ભારત રાજ્ય જ ઉપયોગી બની શકે તેમ છે. 1991થી નવી ઔધોગિક નીતિના પરિણામે ભારતે વિશ્વના પ્રવાહો સાથે કદમ મિલાવવાની શરૂઆત કરી. ભારતીય સમાજ વર્તમાન સમયમાં વિકાસ કરી શકે તે માટે ધાર્મિક ભેદભાવ વગરની તમામ તકો પૂરી પાડવામાં આવી કે જે વર્ષોથી વસુધૈવ કુટુંબકમની ભાવનામાં સમાયેલ છે. આ ભાવનાને વૈશ્વિકરણનની નવી નીતિથી વિશ્વનો આદર્શ નાગરિક બને તે માટે બિનસાંપ્રદાયિક્તા ઉપયોગી બની શકે છે. વિશ્વમાં સહકાર અને બંધુત્વના ગુણ વિક્સાવી શક્યા છે કે માનવહકોનું જતન કરે છે. અને આખરે વિશ્વશાંતિ અને અન્યનું અસ્તિત્વને સ્વીકારે છે. ભારત ચીન અને પાકિસ્તાન જેવા દેશોથી ઘેરાયેલું છે.
- આ બંને દેશોની સરહદો સંવેદનશીલ છે. સરહદોની સુરક્ષા માટે મોટો પડકાર છે ત્યારે ભારતની આંતરિક શાંતિ સલામતી એક્તા અને અખંડિતા જાળવવી ઘણી અગત્યની બને છે. અને આ આંતરિક મુજબૂતાઈ માટે ભારતના વિવિધ ધર્મોનાસમૂહો વચ્ચે પરસ્પર સહકાર અને બંધુત્વની ભાવના જળવાઈ તે સરળ બને તે જરૂરી છે. આ માટે બિનસાંપ્રદાયિક્તા ખૂબ જ ઉપયોગી નીવડી શકે છે.